અપીલ અરજી નં.૨૨૩ તા.૧૯–૧૦ –૧૦/૧૧

અરજદારઃ– શ્રી દિપેશ રોહિતભાઈ વખારીયા
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી દિપેશ રોહિતભાઈ વખારીયાની તા.૨૦–૮–૧૦ની અરજીથી આઈ.સી ના નાણા અંગે મુદ્દા નં.૧ થી ૪ ની માંગેલ માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૯–૧૦–૧૦ ની **SMC/FAP/** નં.૨૨૩/૨૦૧૦–૧૧

શ્રી દિપેશ રોહિતભાઈ વખારીયાની તા.૨૦–૮–૧૦ની અરજીથી આઈ.સી ના નાણા અંગે મુદ્દા નં.૧ થી ૪ ની માંગેલ માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને મ.જાહેર માહિતી અધિકારી લીંબાયત ઝોન તરફથી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૯–૧૦–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા વધુમાં બાબત હેઠળની મંજુરી અંગે સોસાયટીના નામે કોઈ વિગતો ઉપલબ્ધ છે કે કેમ? તથા અરજદારને આપેલ માહિતિના આધાર સહ પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૫૯ તા.૨૨–૧૦–૧૦ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં મુળ અરજીની નકલ સામેલ કરેલ નથી તથા સાથે સોસાયટીના નામે પ્લાન, રજાચિઠ્ઠી માટે કાગળો મુકયા હોય તેવા આપની કક્ષાએ આધાર હોય તો રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૨૯૧૦ તા.૧–૧૧–૧૦ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, જાહેર માહિતી અધિકારી તરફથી કાર્યપાલક ઈજનેર ઉધનાઝોન, વરાછાઝોન તથા ટાઉન પ્લાનરશ્રી મધ્યસ્થ ટીપીને તબદીલ કર્યા અંગેના પત્ર નં.સા.ઈ.ઝોન/લીંબાયત) આ.નં.૨૦૩૦ તા.૨૬–૮–૧૦ ના પત્રથી આંશિક તબદીલ કર્યા અંગેના પત્રની નકલ તથા તેના યુપીસી પુરાવાની નકલ, ઉધનાઝોન તરફથી આપેલી માહિતી અંગે પત્ર નં.સા.ઝોન/ટેક./૪૬૮ તા.૪–૯–૧૦ ના પત્રની નકલ, મ. જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી માહિતી અંગે દસ્તાવેજ ફી ભરપાઈ કરવા અંગે પાઠવેલ પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૨૨૬૮ તા.૧૬–૯–૧૦ ના પત્રની નકલ તથા તે પોસ્ટ કર્યા અંગે યુપીસી પુરાવાની નકલ, નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૩૧૪ તા.૧૮–૯–૧૦ ના પત્રની નકલ તથા તે યુપીસી કર્યા અંગેના પુરાવાની નકલ, દસ્તાવેજ ફી ભરપાઈ કર્યા અંગેની રસીદ નં.૮૮૬૭ તા.૨૭–૯–૧૦ ની નકલ, અરજદારને નાણા ભરપાઈ કરી પૂરી પાડેલ માહિતી અંગે પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૪૯૭ તા.૩૦–૯–૧૦ ના પત્રની નકલ તથા તે યુપીસી કર્યા અંગેના પુરાવાની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૨૦–૮–૧૦ ની અરજીથી આઈ.સી.ના નાણા બાબતે મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને કરવામાં આવેલ. મુદ્દા નં.(૧) આઈ.સી ના નાણા શું છે? મુદ્દા નં.(૨) શું આઈ સી. ના નાણાનું વ્યાજ લાગે છે? કેટલા ટકા? મુદ્દા નં.(૩) આઈ.સી ના નાણા શા માટે લેવાય છે? આઈ.સી ના નાણાની વિસ્તૃતમાં વિગત આપો. વોર્ડ નં.૩૬ માં કેટલી સોસા.ઓના આઈ સી ના નાણા બાકી છે. મુદ્દા નં.(૪) સોસા.નું નામ અને દરેકના નાણાની રકમ જણાવવા ની માહિતી માંગતી અરજી મ. જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/લીંબાયત/ આરટીઆઈ/આ.નં.૨૦૩૦ તા.૨૬–૮–૧૦ થી કાર્યપાલક ઈજનેર ઉધનાઝોન તેમજ વરાછાઝોન અને ટાઉન પ્લાનીંગ ઓફિસર મધ્યસ્થ ટીપીને આંશિક માહિતી માટે તબદીલ કરવામાં આવેલ.જેના અનુસંધાને એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./ ૪૬૮ તા.૪–૯–૧૦ થી " મુદ્દા નં.૩ અને ૪ અન્વયે વોર્ડ નં.૩૬ માં સાઉથઝોન ઉધનામાં સમાવિષ્ટ ઉન વિસ્તારમાં ટીપી સ્કીમ અંગેનો ઈરાદો જાહેર થયેલ ન હોઈ આઈ સી ના નાણાની વિગતો અપ્રાપ્ય છે " તેવું જણાવેલ. જયારે મ.જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી માહિતી અને દસ્તાવેજ ફી અંગે પત્ર નં.સા.ઈ.ઝોન/ મહેકમ/ ૨૨૬૮ તા.૧૬–૯–૧૦ થી પાના નંગ–૨૧ ના પ્રતિ પાના દીઠ રૂા.૨/– લેખે રૂા.૪૨/– ભરપાઈ કરવા જણાવવામાં આવેલ. તેમજ માહિતી અંગે પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૩૧૪ તા.૧૮–૯–૧૦ થી મુદ્દા નં. ૨ અંગે ટીપી સ્કીમ ફાયનઈ થયેથી રીઝર્વ બેંકના પ્રવર્તમાન નીતિ નિયમ અનુસારના વ્યાજના દર મુજબ વસુલાત કરવાની રહેશે જયારે મુદ્દા નં.૩ અને ૪ અંગે વોર્ડ નં.૩૬ માં સમાવિષ્ટ ટીપી સ્કીમ નં.૬૧ (પરવટ–ગોડાદરા) ટીપી સ્કીમ નં.૬૨ (ડીંડોલી–ભેસ્તાન–ભેદવાડ) ટીપી સ્કીમ નં.૧૯ (પરવટ–મગોબ) ટીપી સ્કીમ નં.૬૯ ( ગોદાડરા–ડીંડોલી) તથા ટીપી સ્કીમ નં.૬૪ (ડુંભાલ–મગોબ) ના લીંબાયતઝોનમાં સમાવિષ્ટ ફા.પ્લોટના આઈ .સી. નાણાની વિગતના કુલ પેજ નંગ–૨૧ ના પ્રતિ પેજ દીઠ રૂા.૨/– લેખે રૂા.૪૨/– ભરપાઈ કર્યેથી માહિતી મેળવી શકાશે તેવું જણાવેલ. જે અંગે અરજદાર તરફથી રસીદ નં.૮૮૬૭ તા.૨૭–૯–૧૦ થી માહિતી અંગેના નાણા ભરપાઈ કરવામાં આવેલ. જે પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૪૯૭ તા.૩૦–૯–૧૦ થી અરજદારને પાના નંગ ૧ થી ૨૧ ની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જે અંગે પોસ્ટ કર્યા અંગેના પુરાવાની યુપીસીની નકલ રજૂ કરેલ છે. જે બાબતે અરજદારે જાહેર માહિતી અધિકારી તરફથી

જે વિગતો પૂરી પાડવામાં આવેલ છે તેમાં સોસા.ના નામોનો ઉલ્લેખ નથી પરંતુ જમીનના બ્લોક નંબર આપેલ છે તેથી બ્લોક પ્રમાણે સોસા.ના નાણા જણાવવા તથા દરેક સોસા.ના નાણા કેટલા બાકી છે તેની વિગતો જણાવવા તા.૧૯–૧૦–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે જાહેર માહિતી અધિકારી તરફથી પુરા પડાયેલ જણાતા નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૦–૮–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલ સોસા.ના નામો અને દરેક સોસા.ના આઈ.સી ના બાકી પડતા નાણા બાબતે રેકર્ડ આધારીત ઉપલબ્ધ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન ..જાણ તથા અમલ માટે.
(૨) શ્રી દિપેશ રોહિતભાઈ વખારીયા